www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૭૧ | ૩૦ ઓગસ્ટ, ૨૦૧૮, ગુરૂવાર; શ્રાવણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ઈન્ટરપોલ મુશર્રફની ધરપકડ નહી કરે

ઈન્ટરપોલે પરવેઝ મુશર્રફની ધરપકડ કરવાનો પાકિસ્તાનનો આદેશ ઠુકરાવી દીધો છે. વિશેષ કોર્ટને આ અંગે માહિતી આપવામાં આવી છે. રાજનેતિક મામલાઓમાં દખલગીરી નહી કરવાનુ ઈન્ટરપોલે કહ્યું છે.

### શિવપાલ યાદવે અલગ પક્ષ રચ્યો

સમાજવાદી પાર્ટીમાં ઉપેક્ષા પામી રહેલા શિવપાલ યાદવે સમાજવાદી સેક્યુલર મોર્ચા નામે અલગ પક્ષ રચ્યો છે. ચૂંટણી નજીક આવતા સમાજવાદી પક્ષમાં વધુને વધુ તડા પડી રહ્યા છે.

### એરપોર્ટ પર મોબાઈલ અને પર્સનું ચેકીંગ પણ થશે

હવાઈયાત્રા કરી રહેલા યાત્રિકોને હવે મોબાઈલ ફોન, ચાર્જર અને અન્ય ઈલેક્ટ્રોનિક સાધનોની બેગ અલગ રાખવી પડશે. આ સામાનનું એરપોર્ટ પર અલગ સ્કીનીંગ કરવામાં આવશે.

### દાઉદના સાથીને જેલ

બ્રિટનની એક કોર્ટે દાઉદ ઈબ્રાહીમની ગેંગના એક સદસ્ય જબીર મોતીને ૨૫ સપ્ટેમ્બર સુધી જેલમાં મોકલી આપ્યા છે. ૫૧ વર્ષિય મોતી લંડનની વેડ્સવર્થની જેલમાં બંધ છે અને લાઈવ વીડિયો લીંક દ્વારા તેને કોર્ટમાં હાજર રખાયો હતો.

# કેન્દ્રીય કર્મચારીઓના ડીએમાં ૨ ટકાનો વધારો

**પહેલી જુલાઈ ૨૦૧૮થી વધારો અમલી કરવાનો નિર્ણય કરાયો : ૧.૧ કરોડ કર્મચારીઓ અને પેન્શનરોને તહેરવારની સિઝનમાં સીધો ફાયદો થશે : મૂળ પગાર-પેન્શનના સાત ટકાના પ્રવર્તમાન દરમાં બે ટકાનો વધારો**



નવી દિલ્હી, તા. ૨૯

કેન્દ્રીય કેબિનેટે આજે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા (ડીએ) અને મોંઘવારી રાહત (ડીઆર)માં વધારાના બે ટકાના વધારાને લીલીઝંડી આપી હતી. આ વધારો પહેલી જુલાઈ ૨૦૧૮થી અમલી ગણવામાં આવશે જેના પરિણામ સ્વરુપે ૧.૧ કરોડ કર્મચારીઓ અને પેન્શનરોને તીવ્ર મોંઘવારી વચ્ચે સીધો લાભ થશે. તહેવારની શરૂઆત થઈ ચુકી છે ત્યારે આ નિર્ણયથી કેન્દ્રીય કર્મચારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની બેઠક આજે યોજાઈ હતી જેમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં વધારાના ઈન્સ્ટોલમેન્ટ જારી કરવાને મંજુરી આપવામાં આવી હતી. મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો મંજુર કરવામાં આવ્યો છે. મૂળભૂત પગાર અને પેન્શનના પ્રવર્તમાન સાત ટકાના રેટ ઉપર બે ટકાનો વધારો કરવામાં આવ્યો છે. સરકારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, સ્વીકાર કરવામાં આવેલી ફોર્મ્યુલાના આધાર પર આ વધારો કરવામાં આવ્યો છે. સાતમાં પગાર પંચની ભલામણના

● અનુસંધાન પાન-૭ પર

# લોકસભા સાથે ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની શક્યતા

ન્યુ દિલ્હી,તા.૨૯

કેન્દ્ર સરકારે સ્પષ્ટપણે જણાવ્યું છે કે લોકસભા ચૂંટણી આગામી વર્ષે નિર્ધારીત સમયગાળામાં એપ્રિલ-મે માસમાં જ કરાવવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહે ભાજપશાસિત રાજ્યોના મુખ્યપ્રધાનો માટે જાન્યુઆરી સુધીમાં કમર કસી લેવાનો નિર્દેશ જાહેર કર્યો છે. તમામને પોતપોતાના રાજ્યોમાં ૨૦૧૪થી પણ મોટી જીત આગામી લોકસભા ચૂંટણીમાં પ્રાપ્ત કરવા માટે સંકલ્પબદ્ધ થવા માટે નિર્દેશ અપાયા છે.

**અમિત શાહે ભાજપ શાસિત મુખ્યમંત્રીઓની બેઠકમાં સંકેત આપ્યા...!!**

ડિસેમ્બરમાં યોજાનારી ત્રણ રાજ્યો મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનની વિધાનસભા ચૂંટણીઓની સાથે જ લોકસભાની ચૂંટણી કરાવવામાં આવશે તેવી અફવા અને અટકળો ચર્ચામાં હતી. પરંતુ મંગળવારની બેઠકમાં હાજર રહેલા પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે પીએમ મોદી અને અમિત શાહે ભાજપશાસિત રાજ્યોના તમામ મુખ્યપ્રધાનોને આવી અફવા પર ધ્યાન નહીં આપવા માટે તાકીદ કરી છે. તેની સાથે જ તેમને છત્તીસગઢની રમણસિંહની સરકારની તર્જ પર ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નામ પર પોતપોતાના રાજ્યોમાં કેટલીક મહત્વની યોજનાઓ ચાલુ કરવાનું લક્ષ્યાંક પણ આપવામાં આવ્યું છે.

ભાજપશાસિત રાજ્યોના મુખ્યપ્રધાનોની બેઠક સંદર્ભે પાર્ટી સૂત્રોને ટાંકીને અહેવાલ છે કે બેઠકમાં મુખ્યપ્રધાનો પાસે લોકસભાની ચૂંટણી સાથે જ ઝારખંડ, હરિયાણા અને મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણી યોજવા માટેના વિકલ્પ પર અભિપ્રાય માંગવામાં આવ્યો હતો. ઝારખંડ, હરિયાણા અને મહારાષ્ટ્રની વિધાનસભાનો કાર્યકાળ ૨૦૧૯ના આખરમાં સમાપ્ત થઈ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર


# રાફેલ ડિલ પારદર્શક છે : જેટલી

**રાહુલ ગાંધીના નિવેદનથી રાષ્ટ્રીય હિતોને નુકસાન થઇ રહ્યું છે : રાહુલ ગાંધી વર્ષ ૨૦૦૭ની રાફેલ ઓફરને લઇને અલગ અલગ ભાષણોમાં સાત વખત ખોટુ બોલી ચુક્યા : રાફેલ અંગે રાહુલને ખુબ ઓછી સમજ છે**

નવીદિલ્હી, તા. ૨૯

રાફેલ ડિલ ઉપર કોંગ્રેસના આરોપો અંગે નાણામંત્રી અરુણ જેટલીએ આજે આંકડાઓને રજૂ કરતા રાહુલ ગાંધી ઉપર ખોટા નિવેદન કરવાનો આક્ષેપ કર્યો હતો. સર્જરી બાદ પ્રથમ વખત ઈન્ટરવ્યુમાં અરુણ જેટલીએ કહ્યું હતું કે, કોંગ્રેસે કિંમતોને લઈને જે આક્ષેપો મુક્યા છે તે તથ્યાત્મકરીતે સંપૂર્ણપણે ખોટા છે. ૨૦૦૭ની રાફેલ ઓફરને લઈને રાહુલ ગાંધીએ પોતાના અલગ અલગ ભાષણમાં સાત વખત કિંમતો ગણાવી ચુક્યા છે. જેટલીએ કહ્યું હતું કે, કોંગ્રેસ અને રાહુલ ગાંધી દ્વારા જે રીતે વાત કરવામાં આવી રહી છે તે પ્રાયમરી સ્કુલના ડિબેટની જેવી છે. નાણામંત્રીએ કહ્યું હતું કે, ૨૦૦૭ની સરખામણીમાં ૨૦૧૫માં થયેલી રાફેલ ડિલ રેટની દ્રષ્ટિએ ખુબ જ વ્યવસ્થિત છે. બીજી બાજુ કોંગ્રેસે જેટલીના

● અનુસંધાન પાન-૭ પર



# નોટબંધી બાદ ૯૯.૩% જૂની નોટો જમા

**૯૯.૩ ટકા સુધીની રકમ બેંકિંગ સિસ્ટમમાં પરત ફરી છે : નોટબંધીનો નિર્ણય કરાયો ત્યારે ૧૫.૪૧ ટ્રિલિયન રૂપિયા સરક્યુલેશનમાં હતા જે પૈકી ૧૫.૩૧ ટ્રિલિયન રૂપિયા પરત ફર્યા છે : ૨૦૧૭-૧૮ માટેના વાર્ષિક રિપોર્ટમાં આરબીઆઈનો દાવો**




નવીદિલ્હી, તા. ૨૯

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે એમ કહીને સરકારને પરેશાનીને વધારી દીધી હતી કે, નોટબંધીના ગાળા દરમિયાનના લગભગ તમામ નાણા અથવા તો ૯૯.૩ ટકા રકમ ફરી છે. આરબીઆઈએ ૨૦૧૭-૧૮ના વાર્ષિક રિપોર્ટમાં કહ્યું છે કે, રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આની ગણતરી શરૂ કરવામાં આવી હતી. નવેમ્બર ૨૦૧૬માં નોટબંધીનો નિર્ણય કરવામાં આવ્યા બાદ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ચલણમાંથી પાછી ખેંચી લેવામાં આવી હતી. તેના વાર્ષિક રિપોર્ટમાં રિઝર્વ બેંકે કહ્યું છે કે, ૯૯.૩ ટકા ડિમોનિટાઈઝ નોટ પરત ફરી છે. એસબીએનની કુલ વેલ્યુ જે હતી તેની સરખામણીમાં મોટાભાગની રકમ પરત ફરી છે. રિઝર્વ બેંક દ્વારા આજે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. રિઝર્વ બેંકે કહ્યું છે કે, બેંકિંગ સિસ્ટમમાં ૯૯.૩ ટકા રકમ પરત ફરી છે. નહીવત જેટલી રકમ સિસ્ટમમાંથી બહાર રહી છે. ભ્રષ્ટાચાર અને કાળા નાણા ઉપર પ્રતિબંધ મુકવાના હેતુસર સરકાર દ્વારા અભૂતપૂર્વરીતે નોટબંધીનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નોટબંધીની ચલણ જમા કરવા અથવા તો એક્સચેંજ કરવા માટે સરકાર દ્વારા પુરી પાડવામાં આવેલી લિમિટેડ પિરિયડ વિન્ડોમાં નોટ પરત ફરી છે તેની ગણતરી આરબીઆઈ દ્વારા કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# રૂપિયો સૌથી નીચલા સ્તરે પહોંચ્યો

**૭૦.૫૧ રૂપિયાનો એક ડોલર**

ન્યુ દિલ્હી,તા.૨૯

શેર બજારમાં સેન્સેક્સ અને નિફટી રેકોર્ડ સ્તરે છે, પરંતુ રૂપિયામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. રૂપિયો બુધવારે ૨૨ પૈસા ગગડીને ૭૦.૩૨ પર પહોંચી ગયો હતો. એટલું જ નહીં પરંતુ તેમાં ઘટાડો હજુ પણ ચાલુ જ છે. હવે રૂપિયા એક અમેરિકી ડોલરને મુકાબલે સૌથી નીચલા સ્તરે ૭૦.૫૧ પર પહોંચી ચુક્યો છે. મંગળવારે રૂપિયો અમેરિકી ડોલરને મુકાબલે ૭૦.૦૯ પર હતો.

● અનુસંધાન પાન-૭ પર

# શોપિયન વિસ્તારમાં આતંકવાદી હુમલો

**પોલીસ ટુકડી પર હુમલો થતાં ચાર જવાન શહીદ : શોપિયન જિલ્લામાં અંધાધૂંધ ગોળીબાર કરાયો : આતંકવાદી સુરક્ષા દળોના હથિયારો આંચકીને ફરાર થયા : એસ્કોર્ટ પાર્ટી ઉપર કરાયેલા હુમલા બાદ મોટુ સર્ચ ઓપરેશન : ત્રાસવાદીઓની શોધખોળ**

શ્રીનગર, તા. ૨૯

જમ્મુ કાશ્મીરના સોપિયન જિલ્લામાં અરહામા ગામમાં પોલીસ ટીમ ઉપર ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો જેમાં ચાર પોલીસ જવાનો શહીદ થયા હોવાના અહેવાલ મળ્યા છે. આતંકવાદીઓ સુરક્ષા દળો પાસેથી હથિયાર આંચકીને ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. જમ્મુ કાશ્મીર પોલીસે હુમલાને સમર્થન આપતા કહ્યું છે કે, ત્રાસવાદીઓએ એસ્કોર્ટ પાર્ટી ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. હુમલામાં ચાર પોલીસ જવાનો ગંભીરરીતે ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા જવાનોને તાત્કાલિક રીતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ચારેય જવાનોના મોત થયા હતા. એસ્કોર્ટ પાર્ટી આ વિસ્તારમાં પોલીસ વાહનને રિપેર કરવા માટે પહોંચી હતી. સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને વારંવાર હુમલા કરવામાં આવી રહ્યા છે. ત્રાસવાદીની કમર તુટી ગઈ હોવા છતાં સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને હુમલા કરવામાં આવી રહ્યા છે. કાશ્મીરમાં અગાઉ રવિવારે ૨૬મી ઓગષ્ટના દિવસે મોટી સફળતા હાથ લાગી હતી.

જમ્મુ કાશ્મીરના કુપવારા જિલ્લાના હેન્ડવારા વિસ્તારમાં સવારે અથડામણ બાદ ચાર ત્રાસવાદીઓને પકડી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી સંખ્યામાં હથિયારો અને વિસ્ફોટકો પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹26*/500 mL
અમૂલ ગોલ્ડ
Amul GOLD MILKY MILK
*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079-23969055/56/57

ધી વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન ગાંધીનગર સંચાલિત
(રજી. નં. ઈ-૨૨૮૮)
સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી માન્ય જ્યોતિષ ડિપ્લોમાં વર્ગો
શ્રી સરસ્વતી ડિપ્લોમા અભ્યાસ કેન્દ્ર
શ્રી સરસ્વતી વિદ્યામંદિર
પ્લોટ નં. ૬૯૭
સે.૬/બી, ગાંધીનગર
સ્વનિર્ભર ડિપ્લોમા ઈન જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર, કર્મકાંડ, મંદિર વ્યવસ્થાપન, યોગ વગેરેના સ્વનિર્ભર વર્ગો
કાર્યાલય : ૧૦૯, શાયોના હાઈટ, સરગાસણ ચોકડી પાસે, ગાંધીનગર
સંપર્ક સુત્ર : 98246 47435 • 79902 20879
એડમીશનની છેલ્લી તારીખ : ૬/૯/૨૦૧૮

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## શ્રદ્ધાંજલિ



**સ્વ. ડો. અરૂણભાઈ બી. વ્યાસા**

આપની અણધારી વિદાયથી અમે આઘાતની લાગણી અનુભવીએ છીએ... ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બાસ્કેટ બોલ એસોસીએશનમાં આપનું અમૂલ્ય યોગદાન અમારા માટે પ્રેરક બની રહેશે.

ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ સહ આપના પાવન આત્માને શત્ શત્ નમન

**ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બાસ્કેટ બોલ એસોસીએશન**

| | | |
|---|---|---|
| દિનેશસિંહ ચાવડા<br>પ્રમુખ | કિશોરસિંહ ગોહિલ<br>ઉપપ્રમુખ | મનુભાઈ પટેલ<br>ઉપપ્રમુખ |
| રામકૃષ્ણ પંડિત<br>સેક્રેટરી | પ્રતિક પરમાર<br>જોઈન્ટ સેક્રેટરી | કે. કે. પટેલ<br>ખજાનચી |

-------● કારોબારી સભ્યો ●-------

| | | |
|---|---|---|
| અરવિંદ ક્રિશ્ચીયન | એ. જી. પટેલ | રવિ શાહ |
| કિરણ મેકવાન | અભિલાષ વ્યાસ | બિપિનભાઈ કે. પટેલ |

ગેબાલભાઈ ઠાકોર (કો.ઓપ્ટ સભ્ય)

-------● ગાંધીનગર બાસ્કેટ બોલ પરિવાર ●-------

| | | |
|---|---|---|
| દિપાબેન બારોટ | સુર્યભાનસિંહ રહેવર | રાકેશ શાહ |
| ડો. રણછોડ રથવી | લેફ. નૌરિન વૈપના | હરિશ વનાર |
| વિજયસિંહ એલ. પરમાર | ડો. ધવન જાજલ | ડો. વરણ વ્યાસ |
| વૈભવ છાયા | દિપેશ રાજ | ધવલ રાજ્યગુરૂ |
| ડો. મિલન | ડો. ગજેન્દ્રસિંહ ડોગરા | ડો. તુષિત મેવાડા |